**ક્રિમીનલ કેસ નંબર 5006148/16 ના કામે આંક ૧ ચાર્જશીટ લગત હુકમઃ-**

---

૧. કેસનું રેકર્ડ વંચાણે લીધું તથા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

૨. આરોપી વિરૂધ્ધ પ્રોહી.એક્ટની કલમ-૬૬(બી), ૬૫(ઈ) વિગેરે મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ફાઈલ કરવામાં આવેલ છે. જેમાં આરોપીને વારંવાર સમન્સ/વોરન્ટ ઈસ્યુ કરતાં આરોપીને સમન્સ કે વોરન્ટની બજવણી કરવામાં પોલીસ નિષ્ફળ ગયેલ છે. વધુમાં આ કામે રેકર્ડ તપાસતાં આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ છે કે કેમ કે જામીનદારને પ્રોસેસ બજેલ અંગે કોઈ કાર્યવાહી થઈ શકેલ નથી. આ કામ સમરી પધ્ધતિથી ચલાવવાનું હોય તેના ઉપર સમન્સ ટ્રાયલની જોગવાઈઓ લાગુ પડે છે. આ કેસનું સમગ્ર રેકર્ડ જોતાં કેસ ઘણો જુનો છે તથા આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી કોઈ જ શક્યતા જણાતી નથી. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના સરક્યુલર નંબર ડી/૨૯૧૭/૦૬, તા. ૧૭.૧૦.૨૦૦૬ ને ધ્યાને લેતાં આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ રાખવામાં આવે તો તેના તાર્કિક અંત સુધી જઈ શકાય તેમ નથી. વધુમાં <u>પ્રમોદકુમાર લાલબહાદુર વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો A.I.R. 2002 1856</u> નો ચુકાદો ધ્યાને લેતાં જે તે કોર્ટ ન નિર્ણય લઈ શકે કે ક્યા કેસમાં ૨૫૮ મુજબ કાર્યવાહી કરી શકાય. આથી સદરહું કેસ આગળ ચલાવવો યોગ્ય અને ન્યાયિક જણાતું ન હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

<u>**હુ ક મ**</u>

આરોપી સામેના પ્રસ્તુત કેસની ઈન્સાફી કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૮ અન્વયે પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

તેમછતાં પોલીસ આરોપીની શોધખોળ કરી મળી આવે તો ક્રિ.પ્રો.કોડની કલમ-૩૦૦(૫) અન્વયે ફરી ચાર્જશીટ કરી શકશે.

મુદ્દામાલનો નાશ કરવો

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી જાહેર કર્યો.

**(એ.વાય.દવે)**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.
કોડ નં. GJ00451

અમદાવાદ.
તા.૧૪.૦૯.૨૦૧૯